મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૨૩ ટકા
ગાંધીનગર તાપમાન

સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે સેન્ટ્રલ વિસ્ટા ખાતે યોગ શિબિર

કેમ્પમાં ૬૦૦થી વધુ નાગરિકોએ મધુપ્રમેહ અને સ્થુળતાથી બચવા શું શું તકેદારી રાખવી તેની માહિતી મેળવી

ગાંધીનગર, તા.૩૦

તા. ૧ મે એટલે રાજયનો સ્થાપના દિન. આ દિનની ઉજવણી ગૌરવ દિન તરીકે સમગ્ર રાજયમાં કરવામાં આવી રહી છે. રાજયના પાટનગર ગાંધીનગર ખાતે સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે આજે સવારના યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. યોગ શિબિરને ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી શંભુજી ઠાકોરના હસ્તે ખુલ્લી મુકવામાં આવી હતી. યોગ શિબિર બાદ સેન્ટ્રલ વિસ્ટા ખાતે મધુપ્રમેહ અને સ્થુળતા અંગે માર્ગદર્શન – સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

યોગ શિબિરમાં ૧૪૦૦થી વધુ નાગરિકો જોડાયા હતા. પંતજલી, આર્ટ ઓફ લીવીંગ, વી કેર ફાઉન્ડેશન, બ્રહ્માકુમારી સંસ્થા અને સમર્પણ ધ્યાન યોગના યોગ ગુરૂઓ દ્વારા યોગ કરાવવામાં આવ્યો હતો. યોગ ક્રિયાઓ પૂર્ણ થયા બાદ સર્વે યોગમાં ભાગ લેનાર સર્વે નાગરિકોને આમળાનો આયુર્વેદ જયુસ આપવામાં આવ્યો હતો.

યોગ શિબિર બાદ સેન્ટ્રલ વિસ્ટા ખાતે મધુપ્રમેહ અને સ્થુળતા અંગે માર્ગદર્શન – સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનો આરંભ પણ વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી શંભુજી ઠાકોર હસ્તે કરવામાં આવ્યો હતો. આ કેમ્પમાં ૮૬ જેટલા સ્થુળતા, ૧૬૭ જેટલા મધુપ્રમેહના દર્દીઓને કેમ્પમાં સારવાર અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ ૬૦૦થી વધુ નાગરિકોએ મધુપ્રમેહ અને સ્થુળતાથી બચવા શું શું તકેદારી રાખવી જરૂરી છે. તેની માહિતી મેળવી હતી.

યોગ શિબિરના આરંભે કલેકટર શ્રી સતીશ પટેલે સર્વે મહાનુભાવો અને નાગરિકોનું સ્વાગત કરીને યોગથી થતાં જીવનમાં વિવિધ ફાયદાઓની વિસ્તૃત માહિતી આપી હતી.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રી ભાવનાબેન પટેલ અને તેમની ટીમ સાથે જિલ્લા વહીવટી તંત્રના કર્મયોગીએ ભારે જહેમત ઉઠાવી હતી.

આ કાર્યક્રમમાં ગાંધીનગરના ધારાસભ્ય શ્રી અશોકભાઇ પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી પ્રવિણભાઇ પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર શ્રી ડી.એન.મોદી, નિવાસી અધિક કલેકટર શ્રી એચ.એમ.જાડેજા, જિલ્લા પુરવઠા અધિકારી શ્રી નિશાબેન શર્મા, નાયબ કલેકટર શ્રી સોનલબા પઢિયાર સહિત નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

@ગાંધીનગર

● સિનિયર સિટીઝન કાઉન્સિલ ગાંધીનગરની માસિક બેઠક સાંજે ૫.૦૦ કલાકે સૌરાષ્ટ્ર પટેલ વાડી, સે-૭ ખાતે યોજાશે. ત્યારબાદ રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરાયું છે.

● ગુજરાત સ્થાપના દિન નિમિત્તે શહેરમાં રન ફોર ગુજરાત દોડનો પ્રારંભ સવારે ૭.૦૦ કલાકે ટાઉનહોલ ખાતેથી થશે.

● જિલ્લા વહીવટી તંત્ર ગાંધીનગર અને જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા રોજગાર મેળાનો અને સ્વરોજગાર શિબિરનો પ્રારંભ સવારે ૧૦ થી ૨ કલાક દરમિયાન આઈટીઆઈ હોસ્ટેલ ખાતે થશે.

● શહેરના સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડનમાં સાંજે ૮.૦૦ કલાકે લોક ડાયરો યોજાશે.

પ્રેમી અને તેના મિત્રોએ યુવતીને આપઘાત કરવા મજબુર કરી હતી...!

ઘ-૪ ગાર્ડનમાં પેટ્રોલ છાંટીને આપઘાત કરી લેનાર યુવતીની માતાએ નોંધાવી પોલિસ ફરિયાદ : મહિલા પોલિસ સ્ટેશનમાં કરેલો કેસ પાછો ખેંચવા દબાણ કર્યું હતું

ગાંધીનગર, તા.૩૦

શહેરના ઘ-૪ ગાર્ડનમાં જાહેરમાં ૨૫ વર્ષીય યુવતીએ શરીર પર પેટ્રોલ છાંટી આપઘાત કરી લીધો હતો. આ પ્રકરણમાં મોતને ભેટેલી યુવતીની માતાએ આપઘાત માટે દુષ્પ્રેરણ કરનાર દિકરીના પ્રેમી તથા મિત્રો સામે સેકટર-૭ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલિસે પ્રેમી તથા તેના મિત્રો સામે ગુનો દાખલ કરીને ગુનાની ઉંડી તપાસ હાથ ધરી છે.

ઘ-૪ ગાર્ડનમાં ૨૬ તારીખે રાત્રે બોરીજમાં રહેતી ૨૫ વર્ષીય યુવતી સિધ્ધી ગોસ્વામીએ પોતાના શરીર પર પેટ્રોલ છાંટીને દિવાસળી ચાંપી દીધી હતી. ગંભીર હાલતમાં હોસ્પિટલમાં સારવાર લઈ રહેલી આ યુવતીએ મરણોત્તર નિવેદનમાં તેણીના પ્રેમી તથા તેના મિત્રોના નામ આપ્યા હતા. ગઈ કાલે યુવતીનું મૃત્યુ થઈ ગયું હતું. આ પ્રકરણમાં મૃતક યુવતિના માતા સુમિત્રાબેને પંકજ સોલંકી, બ્રિજેશ પરમાર તથા તેના મિત્રો સામે ફરિયાદ આપતા સે-૭ પોલિસે ગુનો દાખલ કર્યો છે. માતાએ નોંધાવેલી ફરિયાદમાં ઉલ્લેખ કર્યો છે કે આરોપીઓએ ઘ-૪ ખાતે તેમની દિકરીને બોલાવી હતી અને તેણીએ મહિલા પોલિસ સ્ટેશનમાં કરેલો કેસ પાછો ખેંચી લેવા દબાણ કર્યું હતું. નોંધનીય બાબત છે કે થોડા દિવસ પહેલા યુવતિએ મહિલા પોલિસ સ્ટેશનમાં અરજી કરી હતી કે પ્રેમી પંકજ સોલંકી, તથા જોયલ, બ્રિજેશ પરમાર સહિતના મિત્રો તેણીને ફોન પર હેરાન કરે છે. સિધ્ધીને આપઘાત કરવા મજબુર કરવા બદલ પ્રેમી સહિત તેના મિત્રો સામે ગુનો નોંધી પીએસઆઈ પ્રજાપતિએ વધુ તપાસ શરુ કરી છે.

આઈ લવ માય ગાંધીનગર

કમલેશ શાહ
વ્યવસાયી

ગાંધીનગર ગમે
સુંદરતા, સ્વચ્છતા, સ્વસ્થતા, મોકળાશ અને સારા લોકોને કારણે ગાંધીનગર શહેર ગમે છે.

નગરજનો
શિક્ષિત, કલા-સંસ્કૃતિપ્રેમી અને સેવાભાવી નાગરિકો આ શહેરમાં વસે છે.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે
નગરમાં થતી કલા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ખૂબ ગમે છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમ, જુનિયર સિટિઝન કાઉન્સિલ, સિનિયર સિટિઝન કાઉન્સિલ, ગ્રો ફાઉન્ડેશન, વેણુ ભારતી, જી ઈ ક્લબ, પ્લગ ઇન્સ એન્ટરટેઇનમેન્ટ, રેડક્રૉસ જેવી સંસ્થાઓની પ્રવૃત્તિઓ મને ખૂબ ગમે છે.

નગરને બહેતર બનાવવા
જેમ ખેલાડીઓ માટે અહીંથી તૈયાર થઈને દુનિયા સમક્ષ મુકાબલો કરવાની સુદીર્ઘ વ્યવસ્થાઓ છે, એવી જ વ્યવસ્થાઓ જો કલાકારો માટે પણ થઈ શકે તો ઉત્તમ.

નગર માટે હું કરી શકું
સ્પોર્ટ્સ, સેવા અને કલાના ક્ષેત્ર માટે મારી સઘળા પ્રકારની સહાય આપવા હું તૈયાર, તત્પર છું.

હોસ્પિટલ ખાતે કોકલીયર ઈમ્પલાન્ટ વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ઈએનટી વિભાગ અને આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ રાજય સરકાર દ્વારા કોકલીયર ઈમ્પ્લાન્ટનો એ થી ઝેડ સુધીનો માસ્ટર કલાસ વર્કશોપનું આયોજન સંકુલ સ્થિત નવી બિલ્ડીંગના બીજા મજલે કરાયું હતું. જેમાં રાજયભરમાંથી ઈએનટી વિભાગના ડોકટર્સ હાજર રહ્યા હતા.

શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૧૫૦ જેટલા બાળકોને કોકલીયર ઈમ્પ્લાન્ટની સર્જરી વિનામુલ્યે કરીને શ્રવણ શકિતની ભેટ આપવામાં આવી છે ત્યારે આ ઈમ્પ્લાન્ટના સુપર સ્પેશ્યાલીસ્ટ અને નેશનલ ફેકલ્ટી ડો.મનોજ અને શેફાલીને કેરાલાથી ખાસ વર્કશોપ માટે ગાંધીનગર હોસ્પિટલ ખાતે પધાર્યા હતા. ડો. મનોજ દ્વારા આ વર્કશોપમાં હાજર રહેલા રાજયભરના નિષ્ણાંત તબિબોને કોકલીયર ઈમ્પ્લાન્ટ સહિત ઈએનટી અને સર્જરી અંગે સવિસ્તાર માહિતી પુરી પાડવામાં આવી હતી. જેમાં જટીલ સર્જરી બાબતે ધ્યાનમાં રાખવાની બાબતો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે રાજયના આરોગ્ય કમિશનર જે.પી.ગુપ્તા હાજર રહ્યા હતા. તેમણે કાર્યક્રમને બિરદાવ્યો હતો. ઈએનટી વિભાગ સહિત અન્ય વિભાગોમાં પણ આ પ્રકારના વર્કશોપ યોજાય અને રાજયના ડોકટર્સ ટેકનીકલ જ્ઞાનથી પણ વાકેફ થાય તેવા પ્રયત્નો કરવા માટે સુચન કર્યું હતું. કમિશનરની આ સુચનને ધ્યાને રાખી ગાયનેક, સ્કીન, મેડીકલ, સર્જરી સહિત અન્ય વિભાગોમાં આ પ્રકારના વર્કશોપ યોજવામાં આવશે તેમ આંતરીક સુત્રમાંથી માહિતી મળી રહી છે.આ ઈમ્પ્લાન્ટના કેસમાં જોખમી બાળકો જેવા કે જન્મજાત હૃદયની ખામી,જન્મજાત રૂબેલા વિકર કોકલીયા જેવા બાળકોના પણ સફળતાપૂર્વક ઓપરેશન ઈએનટી વિભાગના ડો. નિરજ સુરી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યા છે.

છત્રાલમાં એક મકાનમાં સટ્ટો રમાડતા પાંચ બુકીઓ પકડાયા

આરઆરસેલે દરોડો પાડી ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતા પાંચ શખ્સોને રૂ. ૯૫ હજારના મુદ્દામાલ સાથે પકડી પાડયા

ગાંધીનગર, તા.૩૦

જિલ્લાના કલોલ તાલુકામાં છત્રાલ ગામની સીમમાં એક ખેતરમાં બનાવેલા મકાનમાં આઈપીએલ ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડાઈ રહ્યો હોવાની બાતમીને આધારે ગાંધીનગર આરઆરસેલે દરોડો પાડી પાંચ બુકીઓને દબોચી લીધા હતા. રૂ. ૯૫ હજારની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી લઈને ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર રેન્જ આઈજીપી આર.બી. બ્રહ્મભટ્ટની સુચનાથી આરઆરસેલના પીએસઆઈ કે.ડી. બારોટ તથા ટીમ ક્રિકેટ મેચ પર રમાતા સટ્ટા અટકાવવા તથા બુકીઓને પકડવા માટે સક્રીય થઈ છે. ગઈ મોડી સાંજે આઈપીએલ ૨૦-૨૦ ક્રિકેટ મેચ ચાલી રહી હતી ત્યારે આર.આર.સેલ. પીએસઆઈ કે.ડી. બારોટ તથા તેમની ટીમને બાતમી મળી હતી કે છત્રાલ ખાતે એક ખેતરમાં મકાનમાં સટ્ટો રમાડાઈ રહ્યો છે. ટીમ સ્થળ પર પહોંચી ગઈ અને દરોડો પાડી મકાનમાં લાઈવ ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતા પાંચ શખ્સોને રંગે હાથ પકડી પાડયા હતા. કડી તાલુકાના કરણનગર ખાતે રહેતા રાકેશ પરષોત્તમ પટેલ, કૌશલ શૈલેષ પટેલ, પિયુષ નટવર પટેલ, સંજય નારણ પટેલ અને છત્રાલના વિષ્ણુ ગાંડા ઠાકોર મળીને પાંચ શખ્સોને પકડી પાડવામાં આવ્યા હતા. સટ્ટો રમાડવા માટેના સાહિત્યો, મોબાઈલ, ટીવી, સેટટોપ બોક્ષ તથા રોકડ મળી રૂ. ૯૪,૯૬૦ની કિંમતના મુદ્દામાલ સાથે પાંચેય બુકીઓની ધરપકડ કરી લઈ આરઆરસેલે કાયદેસરની કાર્યવાહી કરી કલોલ તાલુકા પોલીસની સંડોવણી છે કે કેમ? તે દિશામાં પણ તપાસ શરુ કરી છે.

વાતવાતમાં

● જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ હીનાબેન પટેલને ત્યાં એક બિલાડીએ ચાર બચ્ચાંઓને જન્મ આપ્યો છે.

● આજે યોગા ડેમાં ભાગ લેવા માટે મેયર પ્રવિણ પટેલ સવારે ૫.૫૫ મિનિટે ચાલતા સ્વર્ણિમ પાર્ક પહોંચ્યા હતા.

● ગાંધીનગર મહાનગરપાલિકાનો પણ આજે જન્મદિવસ છે. તેણે આઠમા વર્ષમાં પ્રવેશ કર્યો છે. ૧લી મે ૨૦૧૦ના રોજ મહાનગરપાલિકાની રચનાનું જાહેરનામું પ્રગટ થયું હતું.

● હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં આજે ગાંધીનગર જિલ્લાએ ૧૦૦ ટકા કામગીરી સંપન્ન કરી છે.

● ધારાસભ્ય અશોકભાઈ પટેલનો આજે ૫૫મો જન્મદિવસ છે.

ગુજરાત સ્થાપના દિનની ઉજવણી સંસ્કાર ગ્રુપ દ્વારા કરાશે

સંસ્કાર ગ્રુપ દ્વારા સોમવારના રોજ સેકટર-૭ના ગાર્ડન ખાતે સાંજના ૬ થી ૭ ના અરસામાં ગુજરાત સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવશે. જેમાં સ્વચ્છતા અભિયાન, દિપ માળા- જેમાં ફુલોથી વૃક્ષોને સુશોભિત કરવામાં આવશે. પર્યાવરણની જાળવણી માટે મારી ફરજ વિષય પર જાણકારી આપવામાં આવશે. તેમજ ભણો અને ભણાવો જેવી પ્રવૃતિ થકી નાગરીકોને જાગૃત કરવામાં આવશે.

અલખ દરબાર ફાઉન્ડેશન દ્વારા રામદેવ પીરના પાઠનું આયોજન

અલખ દરબાર ફાઉન્ડેશન કોલવડા દ્વારા સંચાલિત અલખ દરબાર શ્વાન રોટલા કેન્દ્રના સ્થળ ઉપર વાર્ષિક પાટોત્સવ અને રામદેવપીરના પાઠનું આયોજન તા.૭ મે ને રવિવારના રોજ રાત્રે ૮ કલાકે કરવામાં આવ્યું છે.આ કાર્યક્રમમાં સંતવાણી ભજનમાં મહંત પૂ. ગોસ્વામી ધનેશ્વરગીરી બાવજી, દેવરાજ ધામ મોડાસા, (દેવાયત પંડિતની જગ્યા) ઉપસ્થિત રહેશે. કાર્યક્રમની જયોત પ્રાગટય રાત્રે ૯.૩૦ કલાકે તેમજ આરતી રાત્રે ૧૦.૩૦ કલાકે, જયારે ભકતો માટે પ્રસાદનું આયોજન સાંજે ૫.૩૦ કલાકે કરવામાં આવ્યું છે. આ ધાર્મિક પ્રસંગે સંતવાણીનો લાભ લેવા સૌ ધર્મપ્રેમી જનતાને પધારવા અલખ દરબાર ફાઉન્ડેશન દ્વારા અનુરોધ કરાયો છે.

કુડાસણમાં કારનો કાચ તોડી અંદરથી પાકીટની ચોરી

ગાંધીનગર, તા.૩૦

શહેરના સેકટર-૩ ખાતે રહેતી યુવતી ગઈ કાલે સવારે કુડાસણ પાસે સ્પાઈસ એન્ડ હર્બસ હોટલની સામે ગઈ હતી અને પોતાની કાર પાર્ક કરી હતી. અઢી કલાકમાં પોતાનું કામ પતાવીને તે યુવતી પરત આવી ત્યાં સુધીમાં તેણીના કારના કાચ તોડી કોઈ ગઠીયો અંદરથી પાકીટની ઉઠાંતરી કરી રફુચક્કર થઈ ગયું હતું. આ મામલે યુવતીએ ફરિયાદ આપતા ઈન્ફોસીટી પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરુ કરી છે.

શહેરના સેકટર-૩-બી પ્લોટ નં. ૩૨૮/૨ ખાતે રહેતી ડીયુતી દિપકભાઈ નામની યુવતી ગઈ કાલે પોતાની જીજે ૧૮-બી.જી. ૦૪૪૬ નંબરની કાર લઈને સવારે દશેક વાગ્યે કુડાસણ ગઈ હતી. સ્પાઈસ એન્ડ હર્બસ નામની હોટલની સામેના રોડ પર તેણીએ પોતાની કાર પાર્ક કરી હતી. સાડા બાર વાગ્યાના અરસામાં ડીયુતી પરત કાર પાસે પહોંચી અને જોયું તો આગળનો કાચ તુટેલી હાલતમાં હતો અને અંદરથી તેણીનું પર્સ ગાયબ હતું. અઢી કલાકમાં કોઈ ગઠીયો કારના કાચ તોડી અંદરથી રૂ. ૧૮૦૦ રોકડા તથા એટીએમ સહીત અન્ય ડોકયુમેન્ટસ ભરેલું પર્સ ઉઠાવી ફરાર થઈ ગયો હતો. ઈન્ફોસીટી પોલીસે યુવતીની ફરિયાદ આધારે ગુનો દાખલ કરીને સીસીટીવી ચેકીંગ શરુ કર્યું છે.

આપણી અક્ષમ્ય બેદરકારીઓ ત્યજીશું તો જ માર્ગ અકસ્માતો અટકશે

સમગ્ર વિશ્વમાં ભારતમાં સૌથી વધુ વર્ષે ૫ લાખ જેટલા માર્ગ અકસ્માતો સર્જાય છે જેમાં દોઢ લાખ નાગરિકો જીવ ગુમાવે છે અને ૫ લાખ નાગરિકો ઈજાગ્રસ્ત થાય છે : નવા કાયદા સાથે આદતો બદલાય તેવી કેળવણીની પણ તાતી જરૂરિયાત

ગાંધીનગર, તા.૩૦

જે દેશમાં સમગ્ર વિશ્વના સૌથી વધુ રોડ અકસ્માતો થાય છે અને પ્રતિ વર્ષ અંદાજે દોઢ લાખ નાગરિકો રોડ અકસ્માતમાં જીવ ગુમાવે છે તે દેશમાં માત્ર નાણાંકીય દંડના સહારે માર્ગ અકસ્માતો પર નિયંત્રણ મેળવવાની કોશિષ કરાતી હોવાનું પહેલી નજરે પ્રતિત થાય તેવો નવો મોટર વ્હીકલ એકટ લાગુ પડવાનો છે. નવા કાયદામાં ટ્રાફિકના કોઈપણ નિયમના ભંગ બદલ લઘુત્તમ દંડની રકમ રૂ.૫૦૦ સુચિત કરાઈ છે પરંતુ અત્યાર સુધી લઘુત્તમ દંડ રૂ.૧૦૦ રખાયો હતો ત્યારે પણ કેટલા વાહનચાલકોએ તે પુરેપુરો ભરી બીજી વાર ભૂલ ના થાય તેનું ધ્યાન રાખવાની કોશિષ કરી? રૂ.૧૦૦ના લઘુત્તમ દંડમાં પણ દોષિત વાહનચાલકને રૂ. ૨૦ પકડાવી છટકી જવા મળતું હોય તો હવે રૂ. ૫૦૦નો દંડ વધુ ભ્રષ્ટાચારને પ્રોત્સાહન નહી આપે તેની શું ખાતરી? ટ્રાફિકના નિયમોનો ભંગ કરનાર સામે આકરો દંડ વસુલવો જોઈએ જ એ બાબતે વિરોધ કે શંકા નથી પરંતુ મોટા ભાગની બેદરકાર પ્રજાની અક્ષમ્ય બેદરકારીઓથી ખદબદતા આ દેશમાં ટ્રાફિકના નિયમો પાળવા પ્રત્યે પુરતી સુઝ કેળવવી વધુ જરુરી નથી લાગતું??

પશ્ચિમી વિકસિત દેશોમાં રાષ્ટ્રીય નેતા કે સેલેબ્રિટી સ્ટાર અથવા ખેલાડીનો ડ્રાઈવીંગ ટેસ્ટ નિષ્ફળ જવાથી તેમને ડ્રાઈવીંગ લાયસન્સ મળ્યું નહી તેવા સમાચારો આપણે છાશવારે વાંચીએ છીએ ત્યારે આપણા દેશના વીઆઈપી નેતાઓના સંતાનો કે આપણા ફિલ્મસ્ટારો યાદ આવ્યા વિના રહેતા નથી. આવા વાહનધારકોને આપણે ભાગ્યે જ આરટીઓ કચેરીએ લાયસન્સ કઢાવવાની લાઈનમાં જોવાનું સદભાગ્ય પ્રાપ્ત કરીએ છીએ. જયારે દેશમાંથી વીઆઈપી કલ્ચરને વિદાય અપાઈ જ રહી છે તો આ બાબતે પણ મળતી છુટછાટનો અંત આવે તે જરુરી છે. આ સાથે વાહન હંકારતી વખતે ટ્રાફિકના નિયમોનું સભાનપણે જવાબદારીપૂર્વક પાલન કરવું અત્યંત જરુરી છે. અંતે તો આ આપણા લાખો નિર્દોષ દેશવાસીઓ જેઓ માર્ગ અકસ્માતોનો ભોગ બને છે તેમની જીંદગીનો સવાલ છે.

કેન્દ્રિય વાહનવ્યવહાર મંત્રી નીતિન ગડકરીએ નવા કાયદાની તરફેણ કરતી વખતે રજૂ કરેલ આંકડા અનુસાર વર્ષ ૨૦૧૫માં

દેશમાં કુલ ૫,૦૧,૪૨૩ અકસ્માતો નોંધાયા હતા જેમાંથી ગ્રામીણ વિસ્તારમાં ૫૩.૮ ટકા એટલે કે ૨,૬૯,૫૨૯ અને શહેરી વિસ્તારમાં ૪૬.૨ ટકા એટલે કે ૨,૩૧,૮૯૪ અકસ્માતો થયા હતા. ગ્રામ્ય હોય કે શહેરી વિસ્તાર રોડ અકસ્માતોની સંખ્યામાં ઝાઝો તફાવત નથી પરંતુ અકસ્માતથી થયેલા મૃત્યુની સંખ્યા શહેરી વિસ્તારમાં ૫૦,૯૫૯ની સામે ગ્રામીણ વિસ્તારમાં ૮૦,૭૬૭ છે. જેમાં સ્થળ પર જ ભોગ બનનારનું મોત થયું હોય. દેશમાં અકસ્માતોથી કુલ ૧,૪૬,૧૩૩ વ્યકિતના મોત નિપજયા હતા જયારે ૫,૦૦,૨૭૯ વ્યકિતઓ ઘાયલ થવા પામી હતી. અકસ્માતોના અન્ય કારણોમાં અન્ય ડ્રાઈવરની ભૂલ, રાહદારીની ભૂલ, વાહનની ખરાબ તંદુરસ્તી, માગની દુર્દશા, ખરાબ હવામાન, મુસાફરની ભૂલ, નબળી લાઈટ, વિઘ્ન આવવું, નાગરિક તંત્રની અવગણન, પ્રાણીઓના અંતરાય તથા એવા અન્ય કારણોનો સમાવેશ થાય છે.

માર્ગ અકસ્માતોનું મુખ્ય કારણ ટ્રાફિકના નિયમો અંગે બેદરકારી અથવા અજ્ઞાનતા જ છે. આપણને એટલી પણ ખબર નથી હોતી કે જયાં રહેણાંક વિસ્તાર હોય ત્યાં હાઈવેની સ્પીડે વાહન ના ચલાવાય. ઉદાહરણ તરીકે ગાંધીનગરના મુખ્ય માર્ગો 'ચ' રોડ અને 'ઘ' રોડ પર ગતિ મર્યાદા ૩૦ થી ૪૦ કિમીની છે પરંતુ અહીં સરેરાશ વાહનો ૬૦ થી ૮૦ કિમીની ઝડપે દોડતા જોવા મળે છે. માત્ર એટલું જ નહી પરંતુ જયાં પણ ચાર રસ્તા આવે ત્યાં પ્રથમ હું પસાર થઈ જાઉં પછી તમે રસ્તો ક્રોસ કરો એવી માનસિકતા વાહનની ગતિ બેફામ રીતે વધારી મૂકે છે. એમાં પણ મોબાઈલનો વપરાશ ચાલુ હોય એટલે જોખમ બમણું સમજવું, સર્કલ ફર્યા વગર ચાર રસ્તેથી ટર્ન લેવો અથવા પોતાને વળવાનું હોય એટલે અડધા કિમી પહેલેથી રોંગ સાઈડમાં વાહન લાવી દેવું તેતો જાણે આપણા અબાધિત અધિકારમાં આવે છે. સિગ્નલ બતાવ્યા વિના વળી જવું, અચાનક બ્રેક મારવી, રોંગ સાઈડથી ઓવરટેક કરવો, ચાલુ ગાડીએ પાણી પીવું કે નાસ્તો કરવો, સિગારેટ પીવી, દારૂ કે અન્ય નશીલા પદાર્થોનું સેવન કરીને ડ્રાઈવીંગ કરવું, ટુ વ્હીલર પર ત્રણ કે ચાર સલારી હેલ્મેટ વગર ડ્રાઈવ કરવું, ચાલુ વાહને રોડ પર જ યુ ટર્ન મારવા જેવા સ્ટંટ કરવા, સિગ્નલ ઓન કરીને ભૂલી જવું, રાત્રે ડીપર લાઈટ ના કરવી, પુરો ઓવરટેક કર્યા વગર જ વાહન સાઈડમાં લેવું, રેલવે ફાટકે રોંગ સાઈડમાં તથા ફાટકની તદ્દન નજીક ઉભા થઈ જવું, મોટા અવાજના હોર્ન કે વાહનનું ફાયરીંગ રાખી ડરાવવા, ઓવર સ્પિડીંગ કરવું, ચાલુ વાહને રેપર કે ફળોની છાલ જવો કચરો બહાર ફેંકવો અથવા દરવાજો ખોલી થું કવું જેવી અસંખ્ય બેદરકારીઓ આપણા માટે બહુ સહજ બની ગઈ છે. તાજેતરમાં જ વ્હોટસએપ પર એક મેસેજ વાંચ્યો હતો કે નેધરલેન્ડમાં 'ડમ રીચ' નામની પધ્ધતિ ડ્રાઈવીંગ સ્કૂલમાં શિખવાડાય છે, આ પધ્ધતિ એવી આદતો શિખવાડે છે જેના કારણે વાહનચાલકોની બેદરકારીઓમાં ઘટાડો થાય. આપણા દેશમાં ડ્રાઈવીગ સ્કૂલને કોઈ જ પ્રકારના 'શાળાકીય નિયમો' લાગુ પડતા નથી. સરકાર જયારે શાળાઓને નિયંત્રણમાં લેવાનો પ્રયાસ કરી રહી છે ત્યારે 'ડ્રાઈવીંગ શીખવતી શાળાઓને' પણ પુનઃ સુગઠિત કરવાનો સમય કાઢવો અત્યંત જરૂરી બન્યો છે. આ સાથે શાળાકીય જીવનમાં 'રોડ મેનર્સ' ને ગંભીરતાથી શિખવાડવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવી એ સમયની તાતી જરૂરિયાત છે.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

ચિરવિદાય

● સ્વ. પટેલ અંબાલાલ વજાભાઈ, ઉ.વ. ૯૨